# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-05-2026** **EVENING: 7.10 TO 7.20 PM**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) **કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનો હુંકાર- છેલ્લા 10 વર્ષમાં આતંકવાદ અને નક્સલવાદનો સંપૂર્ણ સફાયો થયો.**
2) **વિવિધ મહાનગરપાલિકાના મેયર સહિતના હોદ્દેદારોની આજે વરણી.**
3) **કોંગોથી આવેલા ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ - સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા આરોગ્ય મંત્રીની અપીલ.**
4) **પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે LPG સાથે વધુ એક જહાજ ગુજરાતનાં દરિયાકિનારે પહોંચ્યું.**
5) **દેશની સૌપ્રથમ સહકારી ટેક્સી સેવા ભારત ટૅક્સી વિશ્વની સૌથી મોટી મોબિલિટી કોઑપરેટિવ બની.**

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH AHMEDABAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, છેલ્લા 10 વર્ષમાં આતંકવાદ અને નક્સલવાદનો સંપૂર્ણ સફાયો થયો. આજે અમદાવાદના સોલા ખાતે માતા ઉમિયા ધામ કેમ્પસમાં છાત્રાલયનું લોકાર્પણ કરતાં તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારમાં દેશની સુરક્ષામાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

**(BYTE: AMIT SHAH – NAXALISM)**

શ્રી શાહ આજે નવા વાડજમાં 'ભારત માતા સ્ક્વેર'નું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ શાહીબાગ ખાતે ઓલિમ્પિક્સ, કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહેશે. આવતીકાલે શ્રી શાહ સરહદી જિલ્લા કચ્છની પણ ખાસ મુલાકાત લેશે.

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગાંધીનગર દેશની સૌથી વિકસિત લોકસભા ક્ષેત્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહે આજે ગાંધીનગરના સોનીપુર ખાતેથી કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભાના 340 કરોડ રૂપિયાના 84 વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું, વર્ષ 2029 પહેલા ગાંધીનગરના દરેક ગામમાં એક પુસ્તકાલય, બગીચો અને સુંદર મનોરંજન સ્થળો ઉપલબ્ધ થશે. તેમણે કહ્યું ગુજરાતનું વિકાસ મોડલ આજે સમગ્ર દેશમાં પહોંચ્યું છે.

(BYTE: AMIT SHAH)

આજે યોજાયેલાં કાર્યક્રમોમાં સરકારી વિભાગો સાથે ખાનગી સંસ્થાઓના સહયોગથી રેલવે, માર્ગ મકાન, તળાવો પ્રાથમિક શાળા પુસ્તકાલયોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું.

# MNC MAYOR

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ આજે અનેક મહાનગરપાલિકાના મેયર સહિતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. સુરત મહાનગરપાલિકાના મેયર તરીકે માયા માવાણી, ડેપ્યુટી મેયર તરીકે સુધાકર ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. વધુ વિગતો સાંભળીએ આ અહેવાલમાં.**

## (VOICE CAST: MAYUR SOLANKI)

(વડોદરા મહાનગરપાલિકાના મેયર પદ માટે ગીતા મકવાણા અને ડેપ્યુટી મેયર તરીકે આદિત્ય પટેલના નામ પર પસંદગીનો કળશ ઢોળાયો. રાજકોટ મહાનગરપાલિકાના મેયર તરીકે ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર તરીકે દક્ષાબેન વસાણીની નિમણૂક કરવામાં આવી. ભાવનગર મહાનગરપાલિકાના મેયર તરીકે ઉષાબેન તલરેજા જ્યારે ડેપ્યુટી મેયર તરીકે અશોક બારૈયાની વરણી થઈ.

નવરચિત મહાનગરપાલિકામાં વાપીના મેયર તરીકે દક્ષાબેન પટેલ અને ડેપ્યુટી મેયર તરીકે મિતેષ દેસાઈની નિયુક્તિ કરવામાં આવી. કરમસદ-આણંદ મહાનગરપાલિકાના મેયર તરીકે દિપીકા પટેલ, ડેપ્યુટી મેયર તરીકે કમલેશ ડાભી જ્યારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના મેયર તરીકે રાકેશ રાઠોડ, ડેપ્યુટી મેયર તરીકે સ્મિતાબેન રાવલ નિમાયા.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

# EBOLA PATIENT

કોંગોથી આવેલા ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું, રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ જન આરોગ્યની સુરક્ષા માટે સંપૂર્ણ સતર્ક, સજ્જ અને પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું, કોઈપણ પ્રકારનો ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી તેમજ અફવાઓથી દૂર રહી આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા નાગરિકોને વિનંતી કરી.

ઉલ્લેખનીય છે કે ગઇકાલે વડોદરામાં એક શંકાસ્પદ દર્દી જણાયો હતો જેને અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યો હતો.

# NAVSARI BANK FRAUD

બેન્ક સાથે એક કરોડ રૂપિયાથી વધુની નાણાકીય છેતરપિંડી બદલ નવસારી જિલ્લાના મેનેજરને અદાલતે ત્રણ વર્ષની કેદની સજા ફરમાવી છે, અને 25 હજાર રૂપિયાનો દંડ પણ કર્યો છે. બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની વેડછા શાખાના તત્કાલીન મહિલા મેનેજર દર્શના દેસાઈએ વર્ષ 2015માં પોતાના પદનો દુરુપયોગ કરીને બેંકના ગ્રાહકોના ફિક્સ ડિપોઝિટ અને બચત ખાતામાંથી તેમની જાણ બહાર બોગસ લોન ઊભી કરી હતી. આ પ્રકારે તેમણે કુલ એક કરોડ 18 લાખની રકમની ઉચાપત કરી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

**DESK**

# PM 12 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તેમની સરકારમાં અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે જેનાથી જરૂરિયાતમંદ અને ગરીબોને તેનો લાભ થઈ રહ્યો છે આવી જ એક યોજના છે એક દેશ એક રાશન.. આ યોજનાથી કોઈપણ લાભાર્થી દેશમાં કોઈ પણ ખૂણેથી રાશન મેળવી શકે છે ત્યારે મૂળ રાજસ્થાનના અને હાલ સુરત રહેતા લાભાર્થી અનિતાબેને સરકારનો આભાર માન્યો.

(BYTE: ANITABEN, BENEFICIARY)

# PORBANDAR SHIP

પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે LPG સાથે વધુ એક જહાજ ગુજરાતનાં દરિયાકિનારે પહોંચ્યું છે. CM-D 23 નામનું ઇરાની જહાજ 4 હજાર મેટ્રિક ટન LPGના જથ્થા સાથે પોરબંદર જેટીએ લાંગર્યું છે. જેનાથી રાજ્ય સહિત દેશ માટે LPGનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરશે.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે. ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - SMSમાં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આવતીકાલ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

# BHARAT TAXI

દેશની સૌપ્રથમ સહકારી ટેક્સી સેવા ભારત ટૅક્સી વિશ્વની સૌથી મોટી મોબિલિટી કોઓપરેટિવ બની છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યમાં એક લાખ સહિત દેશભરમાં 6 લાખથી વધુ ડ્રાઇવરો આ સુવિધા સાથે જોડાયા છે. જ્યારે ટૂંક સમયમાં જ આ એપના વપરાશકર્તાની સંખ્યા 35 લાખને પાર થઈ છે. ભારત ટેક્સી સાથે જોડાયેલા ડ્રાઇવર્સની માસિક આવકમાં 25 થી 30 ટકાનો વધારો, પારદર્શક સિસ્ટમથી મુસાફરોને 15 ટકાની બચત થઈ રહી છે. અમદાવાદ અને સુરતમાં જબરદસ્ત સફળતા મેળવ્યા પછી, હવે ટૂંક સમયમાં વડોદરામાં પણ આ સેવા શરૂ થશે.

# EID-DISTRICT

દેશ વિદેશની સાથે રાજ્યભરમાં આજે ઈદ ઉલ અઝહાનું પર્વ ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ઉજવાઇ રહ્યું છે. મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારે ઈદની નમાઝ પૂર્ણ કર્યા બાદ પરંપરાગત રીતે એકબીજાને ગળે લગાવીને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

નવસારી જિલ્લામાં આજે મુસ્લિમ બિરાદરોએ ઈદના પવિત્ર તહેવારની ધાર્મિક આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરી. મસ્જિદો અને ઈદગાહોમાં વિશેષ નમાઝ અદા કરી એકબીજાને ઈદની શુભ કામનાઓ પાઠવી હતી.

પંચમહાલ જિલ્લામાં ગોધરા હાલોલ કાલોલ શહેરા સહિતના સમગ્ર જિલ્લામાં ઈદ ઉલ અઝાનો ઉત્સવ કોમી એખલાસના વાતાવરણમાં ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવાયો.

# WEATHER FORECAST

આગામી બે દિવસ રાજ્યમાં ગરમી યથાવત રહેશે જોકે ત્યારબાદ તાપમાનમાં 2થી4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. રાજ્યમાં મોટાભાગના શહેરોમાં આગામી 5 દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતા છે. જ્યારે 30 મે થી 2 જૂન દરમિયાન છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST)**

દરમિયાન છેલ્લા 24 કલાકમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું જ્યારે અમદાવાદમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રહ્યું.

# ORGAN- DONATION

અમદાવાદ સિવિલમાં 241મું ગુપ્ત અંગદાન કરવામાં આવ્યું.બ્રેઇનડેડ મહિલાના અંગોથી 3 દર્દીને નવું જીવનદાન મળ્યું. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ 241 અંગદાતાઓ થકી 797 અંગો તેમજ કુલ 238 પેશીઓ મેળવવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલને અત્યાર સુધીમાં કુલ 1હજાર 35 અંગો તેમજ પેશીઓનું દાન મેળવવામાં ઐતિહાસિક સફળતા મળી છે. તેમણે ઉમેર્યું કે, હોસ્પિટલને દાન સ્વરૂપે 445 કિડની, 215 લીવર, 76 હૃદય, 34 ફેફસાં, 19 સ્વાદુપિંડ, 6 હાથ, 2 નાનાં આંતરડાં, 194 ચક્ષુ તેમજ 44 ચામડી મળ્યાં છે. ગુપ્ત દાન દ્વારા અંગો-પેશીઓ મેળવીને સેંકડો પીડિત દર્દીઓનાં જીવનમાં ઉજાસ પાથર્યો છે.